# માથાની પડે, એટલે ખબર પડે

– કુમારપાળ દેસાઈ

કરુણાશંકર શાસ્ત્રી. મોટા પંડિત.

એમનો દીકરો કિરપાશંકર. કાશી જઈને પંડિત થયો. બાપથી સવાયો નીકળ્યો.

ગામના પંડિતોની ભૂલ કાઢે. બાપની પણ ભૂલ કાઢે. ધીરે ધીરે ભગવાનના પણ કાન પકડવા માંડયો.

પંડિતાઈનો પારો એટલો ચડી ગયો કે કોઈને ગાંઠે નહિ.

એક દિવસ બધા પંડિતો સાથે પરગામ ચાલ્યો.

ઉનાળાનો દિવસ. ધોમ ધખે. ધરતીમાંથી વરાળ નીકળે.

ગરમીથી બધા પંડિતો અકળાઈ ગયા.

રસ્તે વડલો આવ્યો ! ભારે ઘેઘૂર વડલો. વડલાનો વિસ્તાર માય નહિ. વડવાઈઓ અડધા માઈલમાં ફેલાયેલી.

બધા પંડિતો વડ હેઠે બેઠા. કિરપાશંકર પણ બેઠા ! કેવી મીઠી છાયા ! કેવું મોટું વૃક્ષ ! પણ પોતાની પંડિતાઈ ફિણ્યા વગર કિરપાશંકરથી રહેવાયું નહિ.

એ બોલ્યા : ‘ભગવાન પણ ભૂલ કરે છે. ભગવાન પણ ભૂલે છે ત્યારે ભીંત ભૂલે છે. જુઓ ને ! આવડું મોટું ઝાડ અને એને ફળ કેવાં નાનાં નાનાં ! જેવું વૃક્ષ એવું ફળ હોય તો શોભે ! ભગવાનને તો



અક્કલ હશે કે નહિ તેની જ સમજ નથી પડતી ! પેલો કોળાનો વેલો કેટલો નાજુક છે ને ફળ કેવડું મોટું છે ? જાણે માણસ નાનો ને પાઘડી મોટી.

કિરપાશંકર થોડી વાર આમ ભાષણ કરી સૂતા. ઊંઘ ભારે આવી ગઈ.

એવામાં ઉપરથી ટેટા પડવા માંડયાં, ટપાક ટપ ! ટપાક ટપ !

કિરપાશંકર જાગ્યા. જોયું તો ચારેક ટેટા માથા પર પડેલા. તરત તેમને વિચાર આવ્યો કે ભગવાને ટેટાની જગાએ કોળાં મૂક્યાં હોત તો મારું માથું ફૂટી ગયું હોત. નક્કી ભગવાનમાં ડહાપણ છે ! એની કરામત સમજવા માટે આપણામાં અક્કલ નથી. એ તો માથાની પડે, ત્યારે આપણી અક્કલ જાગે !

કિરપાશંકરે પછી ટીકા કરવી છોડી દીધી.

■